# મધ્ય ગુજરાત

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**દાહોદ કાર્યાલય :** સોનીવાડ, રાધાકૃષ્ણ મંદિર પાસે, દાહોદ. ફોન નં. 02673-243785 **ગોધરા કાર્યાલય :** પ્રેમપ્રકાશ ટાવર, બીજો માળ, અંકલેશ્વર મહાદેવ રોડ, ગોધરા. ફોન નં. 7096679080




## દાહોદ જિલ્લામાં દશેરાની ઉજવણી

### વિજયાદશમીના અવસરે દાહોદ પોલીસ ગ્રાઉન્ડમાં શસ્ત્ર પૂજન કરાયું



**દાહોદ :** ભારતીય સંસ્કૃતિની પરંપરા મુજબ પ્રતિ વર્ષ વિજયાદશમીએ શાસ્ત્રોક્ત પૂજનની વિધિ થાય છે ત્યારે આજે વિજયાદશમીના પાવનપર્વે પોલીસ વડા શ્રી રવિરાજસિંહ જાડેજા દ્વારા આ પરંપરાને આગળ ધપાવતા પોલીસ હેડ ક્વાર્ટર, દાહોદ ખાતે દાહોદ જીલ્લામાં સુરક્ષા વ્યવસ્થાની જવાબદારી સંભાળતા પોલીસ દળના કર્મીઓ સાથે તેમના શસ્ત્રોનું પૂજન વૈદિક મંત્રોચ્ચાર સાથે કર્યું હતું. તેમણે સૌ સુરક્ષા કર્મીઓને વિજયાદશમીની શુભેચ્છાઓ પાઠવી હતી અને રાષ્ટ્ર, રાજ્યના લોકોની રક્ષા, સમાજ સુરક્ષા માટે પોલીસ દળની કર્તવ્યપરાયણતાને બિરદાવી હતી.

### દાસા ગામના ભક્તો દ્વારા કબૂતરી નદીમાં જવારાનું ભાવભેર વિસર્જન



**સિંગવડ :** સિંગવડ તાલુકાના દાસા મુકામેથી ગામના ભક્તો ડીજેના તાલે નાચતા-કૂદતા, ચાલતા-ચાલતા સિંગવડ નગર થઈને કબૂતરી નદીના કિનારે પહોંચ્યા હતા. ત્યાં વિધિવત રીતે જવારાનું નદીમાં વિસર્જન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ભક્તો દ્વારા માં ભમરેચી માતાના મંદિરે ગરબા વળાવવામાં આવ્યા હતા અને માતાજીના આશીર્વાદ મેળવ્યા હતા. આ પ્રસંગે દાસા ગામના આગેવાનો તથા મોટી સંખ્યામાં ભાઈઓ, બહેનો અને યુવાનો જોડાયા હતા અને સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. આમ દાસા ગામના લોકોએ પહેલી નવરાત્રિથી માતાજીની ભક્તિ અને આરાધના કરી હતીપ

### રણધીકપુર પોલીસ સ્ટેશન ખાતે દશેરા નિમિત્તે શસ્ત્ર પૂજન કરાયું



**સિંગવડ :** સિંગવડ તાલુકાના રણધીકપુર પોલીસ સ્ટેશન ખાતે વિજયાદશમી - દશેરા પર્વ નિમિત્તે શસ્ત્ર પૂજા નું આયોજન કરવામાં આવ્યું હતું. રણધીકપુર પોલીસ સ્ટેશનના પી.આઈ. એન.કે. ભરવાડ તથા સમગ્ર સ્ટાફ દ્વારા આજરોજ શસ્ત્ર પૂજા કરવામાં આવી હતી. પોલીસ સ્ટેશનના તમામ આઉટ પોસ્ટના જમાદારોની હાજરીમાં બ્રાહ્મણ દ્વારા શાસ્ત્રોક્ત વિધિ મુજબ મંત્રોચ્ચાર સાથે શસ્ત્રોનું પૂજન કરવામાં આવ્યું હતું. પોલીસ બેડામાં દશેરા નિમિત્તે શસ્ત્ર પૂજાનું અનેરું મહત્વ હોય છે. શસ્ત્રોની પૂજા કરીને કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે શક્તિ પ્રાપ્ત થાય તેવી પ્રાર્થના કરવામાં આવી હતી.

### સિંગવડમાં દશેરાના તહેવારે ઝંડીવાળા શેઠને ત્યાં ધજા બદલાઈ




**સિંગવડ :** સિંગવડ નગરમાં દશેરાના દિવસે ઝંડીવાળા શેઠના ઘરે ધજા બદલવાની વર્ષો જૂની પરંપરા આ વર્ષે પણ શ્રદ્ધા અને ભક્તિ સાથે નિભાવવામાં આવી હતી. રાજા-મહારાજાના સમયથી ચાલી આવતી આ પરંપરા મુજબ દર દશેરાના દિવસે જૂની ધજા ઉતારીને નવી ધજા ચઢાવવામાં આવે છે. આ વર્ષે પણ બ્રાહ્મણ દ્વારા શાસ્ત્રોક્ત વિધિ સાથે જૂની ધજા ઉતારવામાં આવી હતી. જ્યારે નરેશકુમાર શાહ દ્વારા ધજાની વિધિવત પૂજા-અર્ચના કરવામાં આવી હતી. પૂજા બાદ ગામના પટેલ દ્વારા ભમરેચી માતાની નવી ધજા ચઢાવવામાં આવી હતી. આ સાથે ધજા ચડાવતા વખતે સુરેશભાઈ શાહ દ્વારા બંદૂક ના ભડાકા કરવામાં આવ્યા હતા.

### હાલોલના રાજમાર્ગો પર ક્ષત્રિય સમાજ દ્વારા શોભાયાત્રા યોજાઈ



**હાલોલ :** અધર્મ પર ધર્મની જીત અને અસત્ય પર સત્યની જીતના પાવન પર્વ ગણાતા અને બુરાઈ પર અચ્છાઈનું પ્રતિક ગણાતા દશેરાના પાવન પર્વની આજ રોજ હાલોલ શહેર સહિત તાલુકા પંથકમાં ભારે ધાર્મિક વાતાવરણમાં રંગે ચંગે ઉજવણી કરવામાં આવી હતી.જેમાં દશેરાના પાવન પર્વને અનુલક્ષીને દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ શ્રી ક્ષત્રિય સમાજ હાલોલ દ્વારા આજે મંગળવારે સવારે કંજરીના શ્રી રામજી મંદિર ખાતે સવારે મહાશસ્ત્ર પૂજન અને બપોરના સમયગાળા દરમિયાન શહેરના રાજમાર્ગો પર વિશાળ વાહનો સાથે શોભાયાત્રા મહારેલીનું આયોજન કરાયું હતું. જે અંતર્ગત હાલોલ તાલુકાના કંજરી ગામે આવેલ પ્રસિદ્ધ શ્રી રામજી મંદિર ખાતે શ્રી રામજી મંદિરના મહંત તેમજ હાલોલ વિધાનસભાના ધારાસભ્ય જયદ્રથસિંહજી પરમાર, સહિત તાલુકાના શ્રી સમસ્ત ક્ષત્રિય સમાજ સહિત સર્વે હિન્દુ સમાજના લોકોની વિશાળ હાજરીમાં મહાશસ્ત્ર પૂજનનો કાર્યક્રમ યોજાયો હતો.

### ખેતરે ટિફિન આપવા જતાં નર્મદા કેનાલના રેલવે બ્રિજ પર દુર્ઘટના

# બોડેલી નજીક ટ્રેનની અડફેટે માતા-પુત્રનાં મોતથી હાહાકાર મચ્યો

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.20

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી નજીક નર્મદા કેનાલ પર આવેલા રેલવે બ્રિજ પરથી પસાર થઈ રહેલાં માતા-પુત્ર ટ્રેનની અડફેટે આવી જતાં બંનેનાં કરુણ મોત નીપજ્યાં હતાં. ખેતરે ટિફિન આપવા માટે નીકળેલાં માતા-પુત્રના અચાનક મોતના સમાચારથી પરિવારજનો પર આભ તૂટી પડ્યું હતું. આ દુર્ઘટનાને પગલે જૂની બોડેલીના જૈન ફળિયા વિસ્તારમાં શોકની લાગણી પ્રસરી ગઈ હતી.પ્રાપ્ત વિગતો અનુસાર, જૂની બોડેલીના જૈન ફળિયા વિસ્તારમાં રહેતાં 65 વર્ષીય ગંજીબેન બારિયા તેમના 32 વર્ષીય પુત્ર પરેશભાઈ બારિયા સાથે ખેતરે ટિફિન આપવા માટે જઈ રહ્યાં હતાં. આ



દરમિયાન બંને નર્મદા કેનાલ પર આવેલા રેલવે બ્રિજ પરથી પસાર થઈ રહ્યાં હતાં. ત્યારે અચાનક ટ્રેનની અડફેટે આવી જતાં ગંભીર દુર્ઘટના સર્જાઈ હતી. ટ્રેનની અડફેટે આવતાં ગંજીબેન અને તેમના પુત્ર પરેશભાઈને ગંભીર ઈજાઓ પહોંચી હતી. દુર્ઘટના એટલી ગંભીર હતી કે બંનેનાં ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતાં.

માતા અને પુત્રના એકસાથે મોતની ઘટનાથી સમગ્ર વિસ્તારમાં અરેરાટી ફેલાઈ ગઈ હતી.ઘટનાની જાણ થતાં રેલવે પોલીસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી અને ઘટનાને લગતી વિગતો એકત્રિત કરી હતી. આ દુર્ઘટના કેવી રીતે સર્જાઈ તે અંગેની વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી.

પરિવાર માટે રોજિંદા જીવનનો સામાન્ય પ્રસંગ ગણાતી ખેતરે ટિફિન પહોંચાડવાની સફર અંતિમ સફર બની જતાં કરુણ દ્રશ્યો સર્જાયાં હતાં.

એક જ પરિવારના બે સભ્યોનાં અચાનક મોતથી પરિવારજનો ઊંડા શોકમાં ગરકાવ થઈ ગયાં હતાં. જૂની બોડેલીના જૈન ફળિયા વિસ્તારમાં પણ ગમગીની છવાઈ ગઈ હતી. માતા-પુત્રનાં કરુણ મોતની ઘટનાએ સમગ્ર પંથકમાં શોકની લાગણી ફેલાવી દીધી હતી.

## વડોદરા - છોટાઉદેપુર જિલ્લામાં દશેરાની ઉજવણી

### શિનોર પોલીસ સ્ટેશનમાં દશેરાએ શસ્ત્રપૂજન યોજાયું



**શિનોર :** અસત્ય પર સત્ય અને અધર્મ પર ધર્મના વિજયના પ્રતીક સમાન વિજયાદશમી (દશેરા)ના પાવન પર્વ નિમિત્તે શિનોર પોલીસ સ્ટેશન ખાતે શસ્ત્રપૂજનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પોલીસ ઇન્સ્પેક્ટર (પી.આઈ.) આર.આર. વસાવાના હસ્તે ધાર્મિક વિધિપૂર્વક શસ્ત્રપૂજન કરવામાં આવ્યું હતું. દશેરાના પર્વનું ધાર્મિક અને સાંસ્કૃતિક દૃષ્ટિએ વિશેષ મહત્ત્વ રહેલું છે. આ દિવસે શસ્ત્રપૂજન કરવાની પરંપરા અનુસાર શિનોર પોલીસ સ્ટેશન ખાતે પોલીસ વિભાગ દ્વારા શસ્ત્રો તેમજ પોલીસ વાહનોનું પૂજન કરવામાં આવ્યું હતું.

### સંખેડાની ડી.બી. પારેખ હાઈસ્કૂલના મેદાનમાં રાવણ દહનનો કાર્યક્રમ યોજાયો



**સિંગવડ :** સંખેડા સહિત આસપાસના ગામોમાં નવરાત્રી મહોત્સવ દરમિયાન ખેલૈયાઓએ નવ દિવસ સુધી નવલી નવરાત્રીનો મન મૂકીને માતા જગદંબાની આરાધના કરી હતી અને ખૂબ જ ઉત્સાહથી ગરબે ઘૂમ્યા હતા. નવરાત્રી બાદ અસત્ય પર સત્યના વિજયના પ્રતીક સમા દશેરા પર્વની સમગ્ર જિલ્લામાં ભારે ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. સંખેડા ખાતે ડી.બી. પારેખ હાઈસ્કૂલના મેદાનમાં દશેરા નિમિત્તે રાવણ દહનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.

### છોટાઉદેપુર જિલ્લા પોલીસ હેડક્વાર્ટર ખાતે વિજયાદશમી(દશેરા)એ શસ્ત્રપૂજન યોજાયું



**છોટાઉદેપુર :** વિજયાદશમી (દશેરા)ના પાવન પર્વ નિમિત્તે છોટાઉદેપુર જિલ્લાના ખુટાલીયા સ્થિત જિલ્લા પોલીસ હેડક્વાર્ટર ખાતે શસ્ત્રપૂજનનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં જિલ્લા કલેક્ટર ગાર્ગી જૈન અને જિલ્લા પોલીસ અધિક્ષક ઇમ્તિયાઝ શેખ સહિત જિલ્લાના પોલીસ અધિકારીઓએ વૈદિક મંત્રોચ્ચાર સાથે શસ્ત્રોનું પૂજન કર્યું હતું. સનાતન પરંપરા મુજબ વિજયાદશમીના પર્વે શસ્ત્રપૂજનનું વિશેષ મહત્ત્વ રહેલું છે.

### બોડેલીમાં કચ્છ કડવા પાટીદાર સમાજના 10મા નવરાત્રી મહોત્સવની ભવ્ય ઉજવણી



**બોડેલી :** છોટાઉદેપુર જિલ્લાના બોડેલીમાં કચ્છ કડવા પાટીદાર સમાજ દ્વારા સતત 10મા વર્ષે નવરાત્રી મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. બોડેલી-હાલોલ રોડ પર આવેલા ખુલ્લા મેદાનમાં નવ દિવસ સુધી માતાજીની આરાધના સાથે ગરબાની રમઝટ જામી હતી. ખાસ કરીને અંતિમ નોરતે કચ્છી સંસ્કૃતિની ઝલક રજૂ કરતા પ્રાચીન દાંડીયા રાસ, વાવલ, ત્રણ તાળી અને ધમાલ જેવા પરંપરાગત ગરબાએ ઉપસ્થિત સૌને મંત્રમુગ્ધ કર્યા હતા.

### સંખેડામાં શસ્ત્ર પૂજન પૂર્વે યુવાનોએ તલવારબાજીના કરતબ પ્રસ્તુત કર્યા



**સંખેડા :** સંખેડા તાલુકાના મેવાસ ક્ષત્રિય સમાજ દ્વારા સામૂહિક શસ્ત્ર પૂજનનું આયોજન કરવામાં આવ્યું હતું. શસ્ત્ર પૂજન પૂર્વે ક્ષત્રિય સમાજના યુવાનોએ તલવારબાજીના અદભૂત કરતબો રજૂ કરી સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. મેવાસ ક્ષત્રિય સમાજ દ્વારા પ્રતિ વર્ષ પરંપરાગત રીતે સામૂહિક શસ્ત્ર પૂજનનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ પરંપરા મુજબ દશેરાના દિવસે મેવાસ ક્ષત્રિય સમાજ દ્વારા સામૂહિક શસ્ત્ર પૂજનનું આયોજન કરાયું હતું.

### સાવલીમાં દશેરા પર્વ નિમિત્તે શસ્ત્ર પૂજનમાં મોટી સંખ્યામાં નાગરિકો ઉમટ્યા




**સાવલી :** સાવલી તાલુકાના મુવાલ ગામે આવેલ ક્ષત્રિય સમાજની વાડી ખાતે દશેરાના પાવન પર્વ નિમિત્તે સાવલી ડેસર તાલુકા વડોદરા ગ્રામ્ય અને નગર ક્ષત્રિય સમાજ દ્વારા બરોડા ડેરીના માજી ડિરેક્ટર કુલદીપસિંહ રાઉલજીના નેતૃત્વ હેઠળ શસ્ત્ર પૂજન નો ભવ્ય કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં કિરણ રામ મહારાજ દ્વારા શાસ્ત્રોકત વિધિ મુજબ ક્ષત્રિય સમાજની આન બાન અને શાન સમાન શસ્ત્રોનું પૂજન કરવામાં આવ્યું હતું.

### પાદરામાં વિજયાદશમીએ રાજપૂત શક્તિ યુવા સંગઠન દ્વારા શસ્ત્ર પૂજન મહોત્સવ



**પાદરા :** વિજયાદશમીનો પાવન પર્વ, જેને અપરાધ પર સત્ય અને દુષ્ટ પર સુષ્ટિની જીતનો પ્રતિક માનવામાં આવે છે, તે નિમિતે પાદરા માં શક્તિ ગરબા ગ્રાઉન્ડ ચતુર પાર્ક સોસાયટી સામે, પાદરા ખાતે શ્રી રાજપૂત શક્તિ યુવા સંગઠન દ્વારા શસ્ત્ર પૂજનનો ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. રાજપૂતોના શૌર્ય, પરંપરા અને ગૌરવના પ્રતિક સ્વરૂપે દર વર્ષે યોજાતા આ શસ્ત્ર પૂજનમાં રાજપૂત સમાજના યુવાનોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. મોટી સંખ્યામાં લોકો હાજરી આપી હતી.

### પાદરાના રણુમા માં તુલજા ભવાની મંદિરના પટાંગણમાં ચંડીયાગ યોજાયો



**પાદરા :** પાદરા ના રણુ ગામે બિરાજમાન માં તુલજા ભવાની મંદિર ના પટાંગણમાં માં ના દર્શને આવતા તમામ ભક્તોના શ્રેયાર્થે ચંડીયાગ નું આયોજન મહંત કવીન્દ્રગીરીજી દ્વારા કરવામાં આવ્યું હતું જેમાં આજે વહેલી સવારે ૧૧ કલાકે પાદરા ના વિધવાન બ્રાહ્મણ મુન્ના મહારાજ સહીત ૧૫ થી વધુ બ્રાહ્મણો દ્વારા ચંડી યાગ નો પ્રારંભ કરવામાં આવ્યો હતો અને સાંજે ૪ કલાકે પુર્ણાહુતી થવા પામી હતી તે દરમ્યાન મોટી સંખ્યામાં માં ના ભક્તોએ ભાગ લીધો હતો.

## કાલોલમાં દશેરાની ઉજવણી

### કાલોલ પોલીસ મથકે વિજયાદશમીએ વિધિવત શસ્ત્ર પૂજન કરવામાં આવ્યું



**કાલોલ :** સમાજની સુરક્ષા માટેનું અભિન્ન અંગ એટલે કે સ્થાનિક પોલીસ. સમાજના દૂષણો, બદીઓ અને ગુનાહિત પ્રવૃત્તિઓ સામે હંમેશાં ખડેપગે રહીને અસરકારક કામગીરી કરનાર કાલોલ પોલીસ વિભાગ દ્વારા વિજયાદશમી (દશેરા) પર્વ નિમિત્તે પોલીસ સ્ટેશનમાં શસ્ત્ર પૂજનનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્વાન બ્રાહ્મણો દ્વારા વૈદિક મંત્રોચ્ચાર અને શાસ્ત્રોક્ત વિધિથી પોલીસ વિભાગના સુરક્ષા શસ્ત્રોની પૂજા અર્ચના કરવામાં આવી હતી. સમગ્ર પોલીસ સ્ટાફ દ્વારા પ્રજાની સલામતી અને સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે વપરાતા શસ્ત્રોની પરંપરાગત પૂજા કરી નાગરિકોની રક્ષાનો દ્રઢ સંકલ્પ લેવામાં આવ્યો હતો.

### કાલોલમાં દુર્ગાષ્ટમીના દિવસે નવચંડી હવનનુ આયોજન કરાયું



**કાલોલ :** આસો સુદ આઠમ એટલે કે નવરાત્રિનો અત્યંત પવિત્ર દિવસ, જેને દુર્ગાષ્ટમી તથા મહાઅષ્ટમી તરીકે પણ ઓળખવામાં આવે છે. ધાર્મિક દ્રષ્ટિએ આ દિવસનું ખૂબ જ અનોખું અને વિશેષ મહત્વ રહેલું છે. મહાઅષ્ટમીના આ પવિત્ર અવસરે મા અંબાના વિવિધ મંદિરોમાં શાસ્ત્રોક્ત વિધિ-વિધાન સાથે હવન અને પૂજનના આયોજનો કરવામાં આવે છે. તેના જ ભાગરૂપે કાલોલના ઝાપા બજાર સ્થિત દશાલાડ સમાજની કુળદેવી શ્રી વેરાઈ માતાજીના મંદિરે ભક્તિમય માહોલમાં હવન અને પૂજનનો કાર્યક્રમ યોજાયો હતો. દશાલાડ સમાજ દ્વારા આયોજિત આ ધાર્મિક મહોત્સવમાં વિદ્વાન બ્રાહ્મણો દ્વારા શાસ્ત્રોક્ત વિધિથી માતાજીનું પંચામૃત સ્નાન, પવિત્ર પૂજન તથા નવચંડી યજ્ઞ સંપન્ન કરાવવામાં આવ્યો હતો.

### કાલોલમાં ક્ષત્રિય કેળવણી મંડળ દ્વારા ભવ્ય સામૂહિક શસ્ત્રપૂજન યોજાયું



**કાલોલ :** કાલોલ પંથકમાં વિજયાદશમીના પાવન પર્વની ભારે ધામધૂમથી અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ નિમિત્તે કાલોલ ક્ષત્રિય કેળવણી મંડળના નેજા હેઠળ ભવ્ય સામૂહિક શસ્ત્રપૂજન અને વિશાળ બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં હજારોની સંખ્યામાં ક્ષત્રિય સમાજના આગેવાનો, વડીલો અને મોટી સંખ્યામાં યુવાનો ઉત્સાહપૂર્વક જોડાયા હતા, જેના કારણે સમગ્ર પંથકમાં સમાજની એકતા, સંગઠન અને ક્ષત્રિય સંસ્કૃતિનો ભવ્ય નજારો જોવા મળ્યો હતો. દશેરા પર્વની ઉજવણીના ભાગરૂપે કાલોલ-ગોધરા હાઇવે પર આવેલ શિશુ મંદિર ખાતે સામૂહિક શસ્ત્રપૂજન કાર્યક્રમ યોજાયો હતો. વિદ્વાન બ્રાહ્મણો દ્વારા વૈદિક મંત્રોચ્ચાર અને પરંપરાગત શાસ્ત્રોક્ત વિધિથી શસ્ત્રોનું પૂજન કરવામાં આવ્યું હતું.

### કાલોલ હાઉસિંગ સોસાયટીમાં છેલ્લા નોરતે ખેલૈયાઓ મનમૂકીને ગરબે ઘૂમ્યા



**કાલોલ :** કાલોલ પંથકમાં આસો નવરાત્રિના પવિત્ર મહાઅષ્ટમી અને મહાનવમીના પાવન અવસરે માતાજીની આરાધનાના મહાપર્વની ધામધૂમપૂર્વક અને ઉત્સાહભેર પૂર્ણાહુતિ થઈ હતી. નવરાત્રિના અંતિમ દિવસે કાલોલના સ્ટેશન રોડ પર આવેલા મહાકાળી યુવક ગરબા મહોત્સવ તેમજ હાઉસિંગ સોસાયટી ખાતે ભક્તિ, શ્રદ્ધા અને ઉત્સાહનો અદ્ભુત માહોલ જોવા મળ્યો હતો, જ્યાં મોડી રાત સુધી ખેલૈયાઓએ ગરબાની જમાવટ કરી હતી. સ્ટેશન રોડ પર 'ઓમ કલાવૃંદ'ના સૂરિલા સૂરે જામ્યો ભવ્ય ગરબો કાલોલના સ્ટેશન રોડ ખાતે આવેલા મહાકાળી યુવક ગરબા મહોત્સવમાં નવરાત્રિના અંતિમ દિવસે ખેલૈયાઓ અને નગરજનોની વિશાળ મેદની માં અંબાની આરાધના માટે ઉમટી પડી હતી.


**જર્જરીત ઓરડામાં કાટમાળની હરાજી**

લીમડીયા ફ વર્ગ વિરપુર પ્રા.શાળા તા.જી.છોટાઉદેપુરના જૂના જર્જરીત ૨ ઓરડાના કાટમાળની હરાજી તા. ૨૩-૧૦-૨૦૦૬ ના રોજ ૯-૩૦ કલાકે રાખવામાં આવેલ છે. હરાજીની શરતો સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે. હરાજીમાં ભાગ લેનારે સ્થળ પર રૂપિયા ૫૦૦-૦૦ ડિપોઝીટ પેટે ભરવાના રહેશે.
નોંધ : હરાજીની ગ્રાહ્ય રાખવી કે ન રાખવી એ SMC ની સત્તા રહેશે.

રાઠવા જાકીરભાઇ ડી.
અધ્યક્ષશ્રી એસ. એમ. સી
લીમડીયા ફ. વિરપુર પ્રા.શાળા
તા.જી. છોટાઉદેપુર

નાયકા અંબુભાઇ જે.
આચાર્ય
લીમડીયા ફ.વર્ગ વિરપુર
પ્રા.શાળા તા.જી. છોટાઉદેપુર